દેશની આઝાદીને વ્હાણા વિતવા છતાં ગામમાં પાકો રોડ નથી

દેડિયાપાડા તાલુકાનું અરેઠી ગામનું આંબા ફળિયું વિકાસથી વંચિત

પીવાના પાણીની નલ સે જલ યોજના કાગળ ઉપર જ રહી ગઈ

। દેડિયાપાડા ।

દેડિયાપાડા તાલુકાના અરેઠી ગામના આંબા ફળિયાના ગ્રામજનો આજે પણ પાયાની સુવિધાથી વંચિત છે. પ્રાથમિક સુવિધા માટે સંઘર્ષ કરી રહ્યાં છે. આઝાદી મળ્યે વર્ષોના વહાણાં વાયા હોવા છતાં અહીં રસ્તા અને પીવાના પાણી જેવી મૂળભૂત અને અન્ય પ્રાથમિક સુવિધા નથી.

પાયાની સુવિધાથી વંચિત અરેઠી ગામના રહીશો નજરે પડે છે.

ગામમાં રસ્તા કાચાં હોવાથી ચોમાસા દરમિયાન રસ્તા પર કિચ્ચડ અને પાણી ભરાઈ જતા લોકોને આવવા જવાનું મુશ્કેલ બને છે. જેના કારણે રોજિંદા કામકાજ, શાળાએ જતા વિદ્યાર્થી અને આરોગ્ય સેવાઓ માટે જતા લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે. પીવાના પાણીની સમસ્યા પણ અહીંના લોકો માટે ગંભીર સમસ્યા બની છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ઢોર-ઢાંક અને ઘરગથ્થુ ઉપયોગ માટે પૂરતું પાણી ઉપલબ્ધ નથી. સરકારની નલ સે જલ યોજના અંતર્ગત નળ તો મૂકાયા છે. પરંતુ નિયમિત પાણી પુરવઠો મળતો નથી. જેના કારણે યોજના માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હોવાનો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે. આ સમસ્યા અંગે ગ્રામજનોએ તલાટી કમ મંત્રી, સરપંચ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સુધી અનેકવાર રજૂઆતો કરી હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક પગલાં લેવાયા નથી. અધિકારીઓ અને જનપ્રતિનિધિઓની ઉદાસીનતાને કારણે સ્થાનિક લોકોમાં ભારે અસંતોષ જોવા મળે છે. પરેશાન ગ્રામજનોએ ઉગ્ર વિરોધ જોવા મળ્યો હતો.

નર્મદા જિલ્લા એડિ. ડિસ્ટ્રિક્ટ કોર્ટનો ચુકાદો

પોક્સો કેસના આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

। કેવડિયા-કોલોની ।

તિલકવાડાના પોક્સોના કેસમાં આરોપીને નર્મદા જિલ્લા કોર્ટે ૨૦ વર્ષની સજાનો હુકમ કર્યો છે.

તિલકવાડા તાલુકાના ગામે રહેતો જગદીશ કપુર ભીલ (ઉ.આ.૨૨ તા.૧૨/૦૨/૨૦૨૩ના રોજ પીડિતાને સગીરવયની જાણવા છતા લગ્નની લાલચ આપીને અપહરણ કરી બોટાદ ખાતે લઈ જઈ અવાર-નવાર મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. જે બાબતનો કેસ નર્મદા જીલ્લાના એડી.ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ એ.વી.હિરપરાની કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં સરકારી વકીલ જીતેન્દ્રસિંહ જે. ગોહીલે ફરિયાદ પક્ષે પુરાવા તથા દલીલો રજૂ કરી હતી. જેને કોર્ટે ધ્યાનમાં રાખી આરોપીને દુષ્કર્મ અને પોકસો અધિનીયમની કલમ-૬ હેઠળ કસુરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ તથા રૂ.૫૦,૦૦૦ દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની કેદ તથા ઈ.પી.કો. કલમ- ૩૬૩ હેઠળ આરોપીને ૫ વર્ષની સખત કેદ તથા રૂ.૧૦ હજારનો દંડ અને દંડ ના ભરે તો વધુ ૩ માસની કેદ તથા અન્ય ગુનામાં ૭ વર્ષની સખત કેદ તથા રૂ.૨૦ હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજાનો તથા ભોગ બનનારને રૂ.૨ લાખના વળતર ચુકવવાનો હુકમ કર્યો હતો.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મોટો ઊલટફેર

જંબુસરના ભાજપના પૂર્વ ધારાસભ્ય કિરણ મકવાણા કોંગ્રેસમાં જોડાયા

જિલ્લા ઉપપ્રમુખ સહિતના આગેવાનોએ પણ ભાજપ છોડ્યું

। જંબુસર ।

સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીને લઈને ભરૂચ જિલ્લામાં રાજકીય હલચલ તેજ બની રહી છે. ખાસ કરીને જંબુસર વિસ્તારમાં રાજકીય પરિસ્થિતિમાં મોટો ફેરફાર સર્જાયો છે, જ્યાં પૂર્વ ધારાસભ્ય કિરણ મકવાણા સહિત ભાજપના કેટલાક આગેવાનો કોંગ્રેસમાં જોડાતા રાજકીય ગરમાવો વધુ તેજ બન્યો છે.

માહિતી અનુસાર, જંબુસરના પૂર્વ ધારાસભ્ય કિરણ મકવાણા તથા છેલ્લા ૩૬ વર્ષથી ભાજપ અનુસૂચિત જાતિ (એસ.સી.) મોરચામાં સક્રિય રહી ભરૂચ જિલ્લા ઉપપ્રમુખ તરીકે ફરજ બજાવતા કનુભાઈ ઈશ્વરભાઈ પરમારે ભાજપનો સાથ છોડીને કોંગ્રેસનો હાથ પકડ્યો છે. કહેવાય છે કે જિલ્લા પંચાયતની કહાનવા બેઠક પર ભાજપ તરફથી ટિકિટ ના મળતા તેઓએ આ નિર્ણય લીધો હતો. આ સાથે જ ભાજપના વંદનાબેન પટેલ પણ આજે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા હતા. જંબુસર ખાતે આયોજિત કાર્યક્રમમાં એઆઈસીસી સેક્રેટરી અને દક્ષિણ ઝોન પ્રભારી શ્રીનિવાસના હસ્તે આગેવાનોને કોંગ્રેસનો ખેસ પહેરાવી પક્ષમાં આવકારાયા હતા. ઉલ્લેખનીય છે કે કિરણ મકવાણા વર્ષ ૨૦૧૭ મા કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા હતા. હવે ફરી કોંગ્રેસમાં વાપસી કરી છે.

ઇટોલાના સરપંચની ૨૪ કલાકમાં જ કોંગ્રેસમાં ઘરવાપસી

આમોદ તાલુકાના ઇટોલા ગામના સરપંચ ફરીદ મહંમદ જાદવે ગઈકાલે તાલુકા ભાજપ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ સાથે હાજર રહી ધારાસભ્ય ડી.કે. સ્વામીના હસ્તે કેસરિયો ધારણ કર્યો હતો. પરંતુ ૨૪ કલાકમાં જ ભાજપથી મોહભંગ થતાં આજે બપોરે તાલુકા કોંગ્રેસ કાર્યાલય ખાતે તાલુકા પ્રમુખ નરેન્દ્ર પટેલ ઉર્ફે કાજીની હાજરીમાં કાર્યકર્તાઓ સાથે પરત કોંગ્રેસનો ખેસ પહેર્યો હતો.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અન્વયે

આચાર સંહિતાના ભંગની ફરિયાદ માટે નોડલ અધિકારીની નિમણૂક

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજની ચુંટણીના સુચારૂ આયોજન અને કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા આદર્શ આચારસંહિતાનો ચુસ્તપણે અમલ થાય અને સમગ્ર પ્રક્રિયા નિષ્પક્ષ સ્વતંત્ર તેમજ ભયમુકત વાતાવરણમાં સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા ઉભી કરાઈ છે.

જે અંતર્ગત જો કોઈ પણ નાગરિકોને એસએમએસ અથવા સોશીયલ મિડીયાના માધ્યમ દ્વારા આદર્શ આચાર સંહિતાનો ભંગ થતો હોવાનું જણાય અથવા ડિજિટલ માધ્યમોનો દુરૂપયોગ થતો જોવા મળે તો તેની તાત્કાલીક જાણ કરવા માટે ખાસ નોડલ અધિકારી તરીકે નાયબ પોલીસ અધિક્ષક ડો.એ.જે.સિસારા એસ.સી. એસ.ટી.સેલ ભરૂચની નિમણુંક કરાઈ છે આ ઉપરાંત તાત્કાલીક સહાય કે કટોકટીની સ્થિતિમાં નાગરિકો પોલીસ હેલ્પલાઈન નંબર ૧૧૨, મહિલા હેલ્પલાઈન ૧૮૧ અથવા સાયબર ગુનાઓ માટે ૧૯૩૦ ઉપર સંપર્ક કરી શકે છે. જિલ્લા પોલીસ દ્વારા આચાર સંહિતાનું ચુસ્ત પાલન કરવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં ચૂંટણીને લઈ પોલીસ કાર્યવાહી

પરવાનાવાળા ૧૪૬૩ હથિયારો જમા : ૨૪૯૮ શખ્સની અટકાયત

જિલ્લામાં ૨૭ને તડીપાર કરી પાંચ સામે પાસાની કાર્યવાહી

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાઈ તે માટે રેન્જ આઈજીની સુચનાથી પોલીસવડાએ અસામાજીક તત્વો અને પ્રવૃત્તિઓ પર તવાઈ બોલાવી હતી. વડોદરા રેન્જ આઈ.જી.પી.સંદિપ સિંહના અધ્યક્ષસ્થાને સ્વરાજય ચૂંટણીને લઈ ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. રેન્જ ઓફીસ ખાતે ભરૂચ પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા કોન્ફરન્સ દરમ્યાન ચુંટણીને લઈ એક એપ્રિલથી કરાયેલી કામગીરીની સમીક્ષામાં હાજર રહ્યા હતા.

ચુંટણીને લઈ ભરૂચ જિલ્લાના ૧૪૬૩ પરવાનાવાળા હથિયારો જમા લેવાયા, નાસતા ફરતા, પેરોલ જમ્પ ૩ આરોપી હસ્તગત કરાયા, ભરૂચ જિલ્લા દ્વારા કુલ ૩૯૭ બિન જામીન લાયક વોરંટની બજવણી કરી કોર્ટ હવાલે કરાયા હતા. ભરૂચ જિલ્લા પોલીસે કુલ ૨૪૯૮ ઈસમો વિરૂધ્ધ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સુલેહ શાંતિ જાળવી રાખવા માટે અટકાયતી પગલા લીધા હતા. પાસા, તડીપાર, પ્રોહિબીશનની કામગીરી હેઠળ ૨૩૫ ઈસમો વિરૂધ્ધ પાકા જામીન લેવાયા હતા. જિલ્લાના માથાભારે ૨૭ તત્વોને તડીપાર જયારે ૫ સામે પાસા દરખાસ્ત કરાઈ હતી. આંતર જિલ્લા ચેક પોસ્ટ ઉભી કરી ૨૪ કલાક રાઉન્ડ ધ ક્લોક બેરીકેડીંગ કરી બોડીવોર્ન કેમેરા અને બ્રેથ એનાલાઈઝર સાથે સતત વાહન ચેકીંગ કરાઈ રહ્યુ છે. તમામ ચેક પોસ્ટ પર લાઈટ બેટન, રેડિયમ રીફલેકટરનો ઉપયોગ થઈ રહ્યો છે.

વધુમાં ભરૂચ જિલ્લામાં કુલ ૩૯૨ લીસ્ટેડ બુટલેગર્સ ઉપર રેઈડ તથા પ્રોહિબીશનના કુલ ૭૧૧ કેસો કરાયા હતા. જિલ્લામાં કુલ ૫ જુગારી ઉપર દરોડો પાડી ૧૫ જુગારના કેસો શોધી કઢાયા હતા. જિલ્લામાં રૂા.૪.૯૪ લાખનો ૨૪૭૧ લીટર દેશી દારૂ અને ૨૨૮૨ બોટલ રૂા.૭.૭૬ લાખનો વિદેશી દારૂ જપ્ત કરાયો હતો. જિલ્લામાં ૯ હિસ્ટ્રીશીટર સામે કાર્યવાહી કરવામાં આવી હતી. કામગીરીની સમીક્ષા બાદ રેન્જ આઈ.જી.પી. દ્વારા સ્થાનિક સ્વરાજય ચુંટણી સૌહાર્દ પુર્ણ વાતાવરણમાં યોજાય તે સારૂ જરૂરી સુચનો કરાયા હતા.

મતદાન પૂર્વે જ દેડિયાપાડા તાલુકા આપના પ્રમુખે રાજીનામું આપ્યું

દેડિયાપાડા : નર્મદા જિલ્લામાં રાજકીય ગરમાવો વચ્ચે આપને મોટો આંચકો લાગ્યો છે. દેડિયાપાડા તાલુકાના આપના પ્રમુખ રાજેન્દ્ર એમ. વસાવાએ પક્ષના તમામ હોદ્દા અને પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપ્યું છે. તેઓએ આ બાબત અંગે પક્ષના પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીને પત્ર લખીને જાણ કરી છે. પોતાના રાજીનામા પત્રમાં રાજેન્દ્ર વસાવાએ જણાવ્યું છે કે, તેઓ લાંબા સમયથી પક્ષ સાથે જોડાયેલા રહ્યા છે. પાર્ટીના વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરવા છતાં, સ્થાનિક સ્તરે તેમની અવગણના થતી હોવાની લાગણી વ્યક્ત કરી છે. તેમજ તાજેતરમાં ઉમેદવારી પ્રક્રિયા દરમિયાન પણ તેમની સાથે ન્યાય ન થયો હોવાનો આક્ષેપ કર્યો છે.

ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર

દહેજની ગલેન્ડા ચોકડી ખાતે કારને અકસ્માત : સદનસીબે જાનહાની ટળી

પોલીસે તાકીદે સ્થળ પર પહોંચી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો

। ભરૂચ ।

ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર દહેજ નજીક ગલેન્ડા ચોકડી વિસ્તારમાં આજે શનિવારે એક કાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેને કારણે થોડીવાર માટે આ વિસ્તારમાં હલચલ મચી જવા સાથે ટ્રાફિકજામ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર એક કાર રસ્તો ઓળંગતી વખતે બીજી દિશાથી આવતી કાર સાથેતેની જોરદાર અથડામણ થઈ હતી. અકસ્માતમાં અથડામણ એટલી તીવ્ર હતી કે, એક કારના ચાલકે સ્ટયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. પરિણામે કાર રસ્તાની સાઈડમાં આવેલ એક ગલ્લામાં ઘુસી ગઈ હતી જેના કારણે આસપાસના લોકોમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો. ગલ્લાને પણ આ ઘટનામાં નુકશાન થયુ હોવાનું જાણવા મળે છે. સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની નોંધાઈ નથી, જે મોટી રાહતની વાત ગણાય છે. બંને કારમાં બેઠેલા લોકો સલામાત બચી ગયા હતા.

જો કે વાહનોને નોંધપાત્ર નુકશાન થયુ છે. અકસ્માતની જાણ થતા જ દહેજ પોલીસ તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. પોલીસે તાત્કાલીક કાર્યવાહી કરીને ટ્રાફિકમાં અવરોધ ન સર્જાય તે માટે નુકસાનગ્રસ્ત વાહનોને રસ્તા પરથી હટાવવાની કામગીરી હાથ ધરી હતી. થોડા સમય માટે ટ્રાફીક ધીમો રહ્યો હતો પરંતુ પોલીસની ઝડપી કામગીરીને કારણે સ્થિતિ જલદી સામાન્ય બની ગઈ હતી.

ઘટનાને પગલે બંને વાહનચાલકો વચ્ચે ચર્ચા થઈ હતી અને તેમણે પરસ્પર સમાધાન કરી લીધુ હતુ. જેના કારણે આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. સ્થાનિક લોકોએ જણાવ્યુ હતુ કે, ગલેન્ડા ચોકડી વિસ્તાર ટ્રાફીક દ્રષ્ટીએ સંવેદનશીલ છે અને અહીં વારંવાર નાના-મોટા અકસ્માતો બનતા રહે છે. તેથી વાહન ચાલકોએ ખાસ સાવચેતી રાખવી અને ટ્રાફીક નિયમોનું પાલન કરવુ અત્યંત જરૂરી બન્યુ છે.

અંકલેશ્વર તાલુકાના ભાદી ગામની સીમમાં

દીપડો પાંજરે પૂરાતા ગ્રામજનોને હાશકારો

વન વિભાગ દ્વારા સુરક્ષિત સ્થળે છોડવા તજવીજ

અંકલેશ્વર : અંકલેશ્વર તાલુકાના ભાદી ગામની સીમમાંથી એક દીપડો પાંજરે પુરાયો છે. વન વિભાગ દ્વારા દીપડાને સુરક્ષિત સ્થળે છોડી મૂકવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભાદી ગામની સીમમાં દીપડો દેખાતા સ્થાનિક ગ્રામજનોએ વન વિભાગને જાણ કરી હતી. ત્યારબાદ વન વિભાગે ઘટનાસ્થળે પાંજરું ગોઠવ્યું હતું. પાંજરામાં મારણ મૂક્યા બાદ દીપડો તેમાં ફસાઈ ગયો હતો. અંકલેશ્વર તાલુકામાં દીપડાના દેખાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. નોંધનીય છે કે, આ ઘટનાના એક દિવસ પહેલાં જ સેંગપુર ગામની સીમમાંથી પણ એક દીપડો પકડાયો હતો. આ વિસ્તારમાં દીપડાની અવરજવર વધવાપાછળ ખોરાક કે રહેઠાણની શોધ મુખ્ય કારણ હોઈ શકે છે. વન વિભાગે પકડાયેલા દીપડાનો કબજો મેળવી તેને કુદરતી અને સુરક્ષિત વાતાવરણમાં છોડી મૂકવાની તજવીજ શરૂકરી છે.

પતિએ ઘરેથી કાઢી મુકેલી મહિલાની વહારે આવ્યું અભયમ

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાંથી એક પિડીત મહિલાએ મદદ માંગતા જણાવેલ કે પતિ સાથે પૈસાને લઈને રોજબરોજ લડાઈ-ઝઘડા થતા હતા. પિડીતાએ પતિનો મોબાઈલ તપાસતા લોન સંબંધિત મેસેજ જોવા મળ્યા જેના આધારે પતિ લોન લેતા હોવાની માહિતી મળી. પિડીતાએ પતિને આ બાબતે પુછતા પતિએ ગુસ્સે થઈ પિડીતાને મારઝુડ કરી અને ઘરેથી નીકળી જવા કહ્યુ.

આ માહિતી મળતા જ ૧૮૧ અભયમ ટીમ તાત્કાલીક પિડીતાના જણાવેલ સરનામે પહોંચી હતી. પિડીતાનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યુ કે પિડીતાનો એક દિકરો છે જે સ્કુલે અભ્યાસ કરે છે પરંતુ પતિ દ્વારા તેની સ્કુલ ફી પણ ભરવામાં આવતી ન હતી. પતિ પોતાના આવકમાંથી લોન ભરવામાં ખર્ચ કરી દેતા હોવાથી ઘરખર્ચ માટે પૈસા આપતા ન હોતા અને પિડીતા સાથે યોગ્ય રીતે વાતચીત પણ કરતા ન હોતા, જેના કારણે વારંવાર તણાવ અને ઝઘડા સર્જાયા હતા. ત્યારબાદ પિડીતાના પતિનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યુ. ટીમ દ્વારા તેમને સમજાવવામાં આવ્યુ કે પત્ની અને બાળકની જવાબદારી નિભાવવી જરૂરી છે. બાળકોને યોગ્ય શિક્ષણ આપવુ જોઈએ અને ઘરખર્ચ માટે પુરતા પૈસા આપવાના મહત્વ વિશે સમજાવવામાં આવ્યુ. તેમજ લોન જેવી આર્થિક બાબતોમાં પારદર્શિતા રાખવાની સલાહ આપવામાં આવી. કાઉન્સેલિંગ બાદ પતિએ પોતાની ભૂલ સ્વીકારી પત્ની પાસે માફી માગી અને ભવિષ્યમાં કોઈપણ પ્રકારની લોન ન લેવાની તથા પરિવારની જવાબદારી યોગ્ય રીતે નિભાવવાની ખાતરી આપી. પતિએ લેખિતમા માફીનામુ આપી સુધારાનો વિશ્વા આપ્યો હતો. આ રીતે બંને પક્ષો વચ્ચે સુખદ સમાધાન થયુ હતુ. પિડીતાએ ૧૮૧ અભીયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

નામ બદલેલ છે

મારૂ જુનું નામ ઉનીયા મોહમદ દાઉદ બસિરભાઇ હતુ જે બદલીને નવું નામ **ઉનીયા મોહમદ દાઉદ બસિરભાઈ** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ભાથીજી ફળીયુ, મુ.પો.જુનાદિવા, તા.અંકલેશ્વર, જી.ભરૂચ.

જાહેર નોટીસ



આથી અમો એડવોકેટ **તારાબેન બી.પટેલ** રહે.ભરૂચ તે અમારા અસીલની સુચના અને ફરમાઇશ અન્વયે આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, અમારા અસીલ **હિતેશભાઇ મોતીભાઇ પટેલ**ના આ સાથે ફોટામાં જણાવેલ તેમના પુત્ર નામે **નિખીલકુમાર હિતેશભાઇ પટેલ** રહે.મુ.પો. સામલોદ, તા.જી.ભરૂચ. હાલ અમારા અસીલનો પુત્ર તેમના કહ્યામાં નથી અને અમારા અસીલને ખોટી રીતે હેરાન-પરેશાન કરી નાણાંકીય રકમ પડાવી ઘર છોડી કયાંક કહ્યા વગર જતા રહેલ છે. તેથી અમારા અસીલનો તેમના પુત્ર સાથે કોઈપણ જાતનો સંબંધ આજથી રહેશે નહી. તેની સાથે સમાજના સગાસંબંધી તેમજ કોઈપણ જાતની ત્રાહિત વ્યકિતએ કોઈપણ જાતનો મિલ્કતોને લગતો કે નાણાંકીય લેવડ-દેવડ અમારા અસીલના નામથી કરવી નહી અને કરશે તો તેની સઘળી જવાબદારી જે તે વ્યકિતની રહેશે અમારા અસીલની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ભરૂચ,તા.૧૮-૦૪-૨૦૨૬
સરનામું : બ્લોક નં.૧/૧૧૮૪, નર્મદા એપાર્ટમેન્ટ, કણબીવગા,ભરૂચ
અસીલની સુચનાથી અમારી મારફતે
સહી/-(**તારાબેન બી.પટેલ**) એડવોકેટ
મો.નં.૮૧૬૦૧૨૦૨૭૬, ૯૯૯૮૧૪૭૯૧૭

જાહેર નોટીસ

મહે.ભરૂચનાં મામલતદાર એન્ડ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,ભરૂચ.
અરજદાર : મહંમદભાઇ ઇબ્રાહીમ વાજા
વિરૂધ્ધ **જન્મ-મરણ નોંધણી અરજી નંબર : ૬૩/૨૦૨૬**
સામાવાળા : જન્મ-મરણ અધિકારીશ્રી (તલાટી કમમંત્રી) ગ્રામ પંચાયત ચાવજ
વિષય : જન્મ અને મરણ રજીસ્ટ્રેશન એકટની કલમ:૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા અંગે

આથી લાગતા વળગતા તેમજ હિત ધરાવતી વ્યકિતઓને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, ઉપર જણાવેલ અરજદાર **મહંમદભાઇ ઇબ્રાહીમ વાજાની પુત્રી અશીનાબાનુ મહંમદભાઇ વાજાનો જન્મ તારીખ : ૧૦-૦૮-૧૯૮૬** ના રોજ **ગામ : ચાવજ**, તા.જી.ભરૂચ મુકામે થયેલ છે. જેથી તેઓએ જન્મનાં દાખલાની માંગણી કરતાં જણાવેલ છે કે ચાવજ ગ્રામ પંચાયતના દફતરે તેઓનાં જન્મની નોંધણી થયેલ નથી, તેવી માહિતી અરજદારને મળેલ હોવાથી દાખલો મળેલ નથી. માટે સદરહું જન્મ અંગેની નોંધણી કરે તેવો હુકમ મેળવવા અરજદારે અત્રેની કોર્ટમાં ઉપર જણાવેલ નંબરથી અરજી દાખલ કરેલ છે, તો આ બાબતે જો કોઇ વ્યકિતને વાંધો હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન : ૩૦ ની અંદર અત્રેની કોર્ટમાં લેખિતમાં જાણ કરવી. જો આ મુદ્દતમાં વાંધા રજુ કરવામાં નહી આવે તો કાયદેસર રીતે નિયમ અનુસાર હુકમ કરી કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજરોજ તારીખ : ૧૮ માસ : એપ્રિલ : ૨૦૨૬ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.
અસીલની સુચનાથી સહી/- (પી.ડી.પરમાર) એડવોકેટ

જાહેર નોટીસ

જાહેર જનતાને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, અમો **મધુબેન કનકસિંહ યાદવ**, રહેવાસી : તુલસી ખડકી, નિકોરા, તા.જી.ભરૂચના છીએ. અમારા **સ્વ.પુત્ર સન્મુખસિંહ કનકસિંહ યાદવના વિધવા મનીષાબેન સન્મુખસિંહ યાદવ** છેલ્લા ઘણા સમયથી અમારા કહ્યામાં નથી અને અમારી મર્યાદા તેમજ આજ્ઞાનું ઉલ્લંઘન કરી પોતાની મનસ્વી રીતે વર્તન કરે છે. તેઓ ગત તારીખ ૧૭-૦૪-૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે અમોને કોઇપણ પ્રકારની જાણ કર્યા વિના અમારૂં ઘર છોડીને કયાંક ચાલ્યા ગયા છે. આથી, આ નોટીસ દ્વારા અમો જાહેર કરીએ છીએ કે, અમોએ મનીષાબેન સન્મુખસિંહ યાદવ સાથેના તમામ પ્રકારના કૌટુંબિક અને વ્યવહારિક સંબંધો આજથી કાપી નાંખ્યા છે. હવે પછી મનીષાબેન કોઇપણ વ્યકિત, પેઢી, બેંક કે સંસ્થા સાથે કોઇપણ પ્રકારના આર્થિક કે કાયદાકીય વ્યવહાર કરે, તો તે માટે અમો અથવા અમારી સ્થાવર-જંગમ મિલકત કે વારસદારો કોઇપણ રીતે જવાબદાર રહેશે નહી. તેઓના કોઇપણ કૃત્ય કે વર્તન માટે અમો વ્યકિતગત રીતે કે કાયદેસર રીતે કોઇ જવાબદારી સ્વીકારતા નથી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ભરૂચ, તા.૧૮-૪-૨૦૨૬ સહી/-(**મધુબેન કનકસિંહ યાદવ**)

જાહેર નોટીસ

અમો એડવોકેટ દિવેશ ડી.અટોદરીયા ભરૂચના તે અમારા અસીલ (૧) છાયાબેન જશવંતસિંહ કાભઇભાવાની વિધવા, (૨) બ્રીવીતાબેન જશવંતસિંહની દીકરી તે જીગ્નેશકુમાર ત્રિવેદીની પત્ની, (૩)ડીમ્પલબેન તે જશવંતસિંહની દીકરી તે પ્રતિક પટેલની પત્ની તમામ રહે.નવસારી તથા (૪) ચાવડા રાજુભાઇ ઉર્ફે રાજેન્દ્રસિંહ કાભઇભાઇ, કાસવા, સમની, તા.જી.ભરૂચ નાઓની સુચના અન્વયે જાહેર નોટીસ આપી જણાવવાનું કે, અમારા અસીલના વડવાઓની બીજા હકમાં ચાલી આવતા નામ વાળી મોજે-ગામ-કાસવા, તા.જી.ભરૂચની ખેતીની જમીન જેના ખાતા નં.૧૩૭, જુનો સર્વે નં.૪૦૨, નવો સ.નં.૪૫૨ વાળી જમીન નર્મદા નદી પર ભરૂચ તાલુકાના ભાડભૂત ગામ પાસે બેરેજ યોજનાના બાંધકામ માટે જમીન સંપાદન થયેલ છે. જે મિલકતનો વહીવટ વ્યવસ્થા કરવા માટે ચાવડા વનરાજસિંહ કાભઇભાઇ ઉર્ફે ચાવડા વનરાજસિંહ લક્ષ્મણસિંહ, રહે.૨૯૬, ચાવડા ફળિયુ, કાસવા-સમની, તા.જી.ભરૂચનાને ભરૂચના એડવોકેટ પબ્લિક નોટરી એ.યુ.પટેલ સમક્ષ, તા.૦૧-૧૦-૨૦૧૮ ના રોજ નોટરી રજીસ્ટર નં.૭૫૩૦/૨૦૧૮ થી પાવર ઓફ એર્ટની તરીકે નીમેલા હતા. જે પાવર અલગથી એડવોકેટ મારફતેથી નોટરી પાવર રદ કરેલ છે. જે હકીકત હવે પછી અમારા અસીલ પાવરદાર તરીકે ચાલુ રાખવા માંગતા નથી. જેથી અમારા અસીલે આપેલ સદરહું પાવર રદ કરીએ છીએ.

સ્થળ : ભરૂચ,તા.૧૮-૦૪-૨૦૨૬
ઓફીસ : ૧૦૭, ફસ્ટ ફલોર, હેવન આર્કેડ, જુની ટેકનીકલ સ્કુલ સામે,નંદેલાવ રોડ, ભરૂચ.
અસીલની સુચના અન્વયે
સહી/-**દિવેશ ડી.અટોદરીયા(એડવોકેટ)**
મો.નં.૯૦૩૩૩૧૮૩૩૮

તમારા દુઃખમાં સહભાગી સંદેશ

ભરૂચ-નર્મદા, પંચમહાલ-દાહોદ-મહીસાગર, વડોદરા-છોટાઉદેપુર એડિશન માટે

દુઃખદ અવસાન/ બેસણું /શ્રદ્ધાંજલિ

ફક્ત રૂા. ૭૦૦/-

૪૫ ચો.સે.મી. (૯ X ૫ કે ૫ X ૯) સાઇઝ

વધારાના ચો. સે.મી.ના રૂા. ૨૨/-

રવિવારે પણ બેસણું/શ્રદ્ધાંજલિની જાહેરખબર સ્વીકારાશે.

Note : GST as applicable

સંદેશ Sandesh Bhavan, Near L & T Circle, Opp. Ratribazar, VIP Road, Karelibaug, Vadodara
Phone : 0265-2464750

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ

રીજીયોનલ ઓફિસ : હોટલ સ્કાયલાઈન બિલ્ડીંગ, કોલેજ રોડ, ભરૂચ-૩૯૨૦૦૨, ગુજરાત. ફોન : ૯૧ ૨૬૪૨ ૨૦૫૦૩૪/૩૫
ઈ-મેઈલ : recovery.bharuch@bankofbaroda.com

ઈ-હરાજી તા.૦૬.૦૫.૨૦૨૬, સમય : બપોરે ૨.૦૦ થી ૬.૦૦
નિરીક્ષણ તા. ૦૪થી અને ૫મી મે ૨૦૨૬
સમય : સવારે : ૧૦.૦૦ થી સાંજે : ૦૬.૦૦

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ મુજબ સ્થાયી મિલકત માટે રૂલ ૮(૬) અને અસ્થાયી મિલકત માટે રૂલ ૬(૨) સાથે વંચાણમાં લેતા અસ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.

આથી જાહેર જનતા અને દેવાદારઓ/ગીરવેદારો અને જામીનદારોને ખાસ કરીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાયી મિલકત સુરક્ષિત કેડીટર્સ ને મોર્ગેજ/સોંપેલ મિલકતો કે જેનો બેંક ઓફ બરોડા, સુરક્ષિત કેડીટર્સ દ્વારા કબજો મેળવેલ છે. જેની નીચે દર્શાવેલ વિગતે 'જયાં છે, ત્યાં છે તેવી', 'જેવું છે તેવું', 'જે છે તે' ના ધોરણે બાકી રકમ માટે વેચાણ થશે. દેવાદાર(રો), ગીરવેદાર(રો) અને જામીનદાર(રો) સુરક્ષિત મિલકત બાકી રકમ, અનામત કિંમત, હરાજીની તારીખ, સમય, બાનાની રકમ, બોલી વધારાની રકમ વગેરે નીચે દર્શાવેલ છે. વેચાણ અંગેની વધુ જાણકારી, નિયમો અને શરતો માટે વેબસાઈટ www.bankofbaroda.in / https://www.ibapi.in જુઓ.

અ.નં	શાખાનું નામ	દેવાદારોનું નામ / જામીનદારોનું નામ	મિલકતના માલિકનું નામ	મિલકતોનું વર્ણન (તમામ બોજા મુકત)	કબજાનો પ્રકાર (સાંકેતિક / પ્રત્યક્ષ) / મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફ્લેટ/પ્લોટ/જમીન)	બાકી લેણાં (લાખમાં)	રીઝર્વ કિંમત / ઈએમડી / બોલી વધારવાની રકમ (લાખમાં)	સંપર્ક વ્યકિતનું નામ અને સંપર્ક નંબર
૧	ઈલાવ ગુજરાત	શ્રી પ્રવિણકુમાર હરિભાઈ પરમાર અને શ્રીમતી ભારતીબેન પ્રવિણભાઈ પરમાર	શ્રી પ્રવિણકુમાર હરિભાઈ પરમાર અને શ્રીમતી ભારતીબેન પ્રવિણભાઈ પરમાર	રહેણાંકનુ ઘર કે જે બાલાજી રેસીડન્સી માં આવેલ પ્લોટ નં.૮૬ (એ-ટાઈપ) જેનું માપ એરીયા ૬૦.૩૯ ચો.મી. રેવન્યુ સર્વે નં.૨૦૪, બ્લોક નં.૧૬૮/બી. તપોવન સ્કુલ નજીક,એપલ પબ્લીક સ્કુલ નજીક, મુલદ ગામ રોડ, મોજે કીમ-કઠોદરા, તા.ઓલપાડ, જી.સુરતખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ** : સોસાયટીનો રોડ, **દક્ષિણ તરફ** : જોડેનો બ્લોક નં.૧૬૮/સી, **પૂર્વ તરફ** : પ્લોટ નં.૮૭, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૮૫ આવેલ છે.	પ્રત્યક્ષ કબજો / રહેણાંકનો રો હાઉસ	રૂ.૧૫.૬૫/- +વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૦૯.૬૫ ૨) ૦૦.૯૭ ૩) ૦.૧૦	શ્રી રામ કરણ મીના ૯૦૯૯૦૦૭૪૧૯
૨	લીંક રોડ	શ્રી રાઠોડ મિતેશસિંહ બહાદુરસિંહ	શ્રી રાઠોડ મિતેશસિંહ બહાદુરસિંહ	રહેણાંક નું ઘર કે જે 'પ્રમુખ પાર્ક' નો પ્લોટ નં. આર-૩૮ (ઉત્તર), એરીયા માપ ૩૮.૫૫ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૨૫૭/૧ પૈકી, વેલકમ નગર નજીક,અંદાડા -માંડવા રોડ, ગામ. ગડખોલ, તાલુકા અંકલેશ્વર, જી.ભરૂચ ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ** : પ્લોટ નં. આર-૩૭, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. આર-૩૮, **પૂર્વ તરફ** : રે.સ.નં. થી જમીન, **પશ્ચિમ તરફ** : આંતરીક રોડ આવેલ છે.	પ્રત્યક્ષ કબજો / રહેણાંકનો રો હાઉસ	રૂ.૭.૭૧/- + વ્યાજ + અન્ય ચાર્જીસ	૧) ૦૭.૬૯ ૨) ૦.૭૭ ૩) ૦.૧૦	શ્રી અજય બોઈપાઈ ૯૦૯૯૦૦૬૭૭૪
૩	ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ભરૂચ	શ્રી પટેલ જૈનીશ અર્જુનભાઈ અને શ્રીમતી હેતલ જૈનીશ પટેલ	શ્રી પટેલ જૈનીશ અર્જુનભાઈ અને શ્રીમતી હેતલબેન જૈનીશ પટેલ	રહેણાંકનો રો હાઉસ 'શ્રીજી પ્રવેશ' સોસાયટી નો પ્લોટ નં. ૧૨૮ માપ ૬૪.૪૦ ચો.મીટર ગ્રાઉન્ડ ફલોર + ૧લા માળ, રે. સ / બ્લોક નં. ૩૨ અને ૭૬, શીવાલીક હાઈટ્સ નજીક, નર્મદા કોલેજ સામે, મોજે. તવરા, તા. અને જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની **ચતુર્દિશા : પૂર્વ તરફ** : પ્લોટ નં. ૧૨૫, **પશ્ચિમ તરફ** : સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૧૨૭, **દક્ષિણ તરફ** : ઘર નં. ૧૨૯ આવેલ છે.	સાંકેતિક કબજો / રહેણાંકનો રો હાઉસ	રૂ.૩૧.૭૨ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૩૫.૨૧ ૨) ૩.૫૩ ૩) ૦.૧૦	શ્રી અમીત રાવલ ૮૮૩૦૫૩૫૯૫૪
૪	ઝાડેશ્વર	શ્રી મોફી અમીરઅલી શેખ	શ્રી મોફી અમીરઅલી શેખ	રહેણાંકનો રો હાઉસ 'સાહીદ પાર્ક' નો પ્લોટ નં. ૬૭ માપ એરીયા ૫૪ ચો.મી રે.સ.નં. ૬૭ પૈકી, મુસ્કાન પાર્ક નજીક, ગ્રામ પંચાયત રાહદપોર, તા. અને જી.ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : સોસાયટી નો કોમન પ્લોટ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૬૬, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૬૮	પ્રત્યક્ષ કબજો / રહેણાંકનો રો હાઉસ	રૂ.૧૪.૯૩ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૧૯.૮૭ ૨) ૧.૯૯ ૩) ૦.૧૦	શ્રી વિવેક ગુરૂ ૮૪૬૦૫૪૧૭૯૫
૫	જીઆઈડીસી દહેજ	શ્રી લુકમન રસુલભાઈ ભટ્ટી, શ્રીમતી સ્નેહા સરફરાઝ ભટ્ટી અને સરફરાઝ રસુલભાઈ ભટ્ટી	શ્રીમતી સ્નેહા સરફરાઝ ભટ્ટી	રહેણાંક નું ગુલેસ્તાની -ઈ- સંજાર, પ્લોટ નં. ૮૬, રે.સ.નં. ૨૭૧૪, જુનો રે.સ નં. ૧૯૦-એ પૈકી, જુંજેરા ઈન્સ્ટીટયુટ, વાગરા, તા. વાગરા, જી.ભરૂચ -૩૯૨૧૪૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા: **પુર્વ**: જોડેનો પ્લોટ નં. ૮૭, **પશ્ચિમે**: જોડેનો પ્લોટ નં. ૮૫, **ઉત્તરે**: આંતરીક રોડ, **દક્ષિણે**: જોડેનો પ્લોટ નં. ૮૧ આવેલ છે.	સાંકેતિક કબજો / રહેણાંકનો રો હાઉસ	રૂ.૧૯.૬૭/- + વ્યાજ + અન્ય ચાર્જીસ	૧) ૨૩.૦૦ ૨) ૨.૩૦ ૩) ૦.૧૦	શ્રી મનોજ ભીમજીભાઈ ચોરાડ ૯૦૯૯૦૦૭૪૫૨

નિયમો અને શરતો : ૧) મિલકત સાંકેતીક કબજામાં છે અને બિડર તેના/પોતાના જોખમ અને જવાબદારી થી સાંકેતીક કબજામાં મિલકત ખરીદે છે. ૨) બેંક ફકત સાંકેતિક કબજા ની રીતે જ મિલકતનો કબજો સોપશે. સફળ બિડર્સ/ ખરીદનાર બેંક પાસેથી ભૌતિક/પ્રત્યક્ષ કબજો મેળવવાના દાવો કરી શકશે નહી. ૩) પ્રત્યક્ષ કબજો સોંપવા માટે જવાબદાર અથવા ફરજ થી બંધાયેલ રહેશે નહી. ૪) સફળ હરાજી ખરીદનાર કોઈપણ કેશ માં પરત કરેલ પૈસા ઉપર કોઈપણ વ્યાજ નો દાવો કરવા માટે હકદાર રહશે નહી. ૫) સફળ હરાજી ખરીદનાર ઈ હરાજી પછી તરત જ ઉપરોકત નિયમો અને શરતોની પુષ્ટિ કરતુ ઘોષણાપાત્ર કમ અંડરટેકિંગ સબમીટ કરવાનુ રહશે. ૬) વેચાણ પછી જો સફળ બિડર ઘોષણાપત્ર કમ અન્ડરટેકીંગ સબમીટ કરવામાં નિષ્ફળ જશે તો બીડની રકમ જપ્ત કરવામાં આવશે.

સરફેસી કાયદા હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદાર ને ૧૫ દિવસની કાનુની વેચાણ નોટીસ
વેચાણ અંગેની શરતો માટે સાથે આપેલ લીંક https:// www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com ઉપર જુઓ.
(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

Scan QR Code

તા.૧૯.૦૪.૨૦૨૬ । સ્થળ : ભરૂચ. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા